## એક ઉમદા કાર્ય – ગઝલસર્જક 'બેફામ' | ગુલામ અબ્બાસ 'નાશાદ'

['ગઝબ સર્જક - બેફામ' : લે. દિનેશ ડોંગરે 'નાદાન', પ્ર. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૧૪૦, કિં. રૂ. ૧૦૦/-]

ગઝલસર્જક 'બેફામ' – આ પુસ્તક અઢાર પ્રકરણમાં વહેંચાયેલું છે અને દરેક પ્રકરણ દિનેશ ડોંગરે 'નાદાન'ની નિષ્ઠા, મહેનત અને પ્રતિભાનો પરિચય આપે છે. પ્રથમ પ્રકરણ બરકત વિરાણી 'બેફામ'ના વ્યક્તિત્વ વિશે છે જે વાંચી 'બેફામ' સાહેબને જે સર્જક કે ભાવકે ન જોયા હોય એમને પણ આ દિગ્ગજ સર્જક વિશે આછો ખ્યાલ મળી રહે છે. અહીં પણ 'નાદાન'ના ઝીણવટપૂર્વક કરેલા અભ્યાસની પ્રતીતિ થાય છે. 'બેફામ'ના પરિચય સાથે સર્જકે ખુદ 'બેફામ'ના શબ્દો ટાંક્યા છે તે સ્મરણીય છે. 'બુદ્ધિને શયતાન જેવી નિર્દય અને હૃદયને હેવાન જેવું નિર્માલ્ય બનાવી દે તેવા જમાનાના જોર અને જગતના જુલ્મ વચ્ચે માનવનો સ્વભાવ અને કવિનું સ્વમાન જાળવી રાખવા સિવાય આખું જીવન જ જ્યાં અસંતોષથી ભર્યું હોય ત્યાં ઉપનામ કે નામ માટે ક્યાં અફસોસ કરવો ? ઊલટું બેફામ ઉપનામ રાખીને ખરેખર દુનિયાદારીના ભાન વગરનો થઈ રહ્યો છું તેનો શોક, ઉદ્વેગ સાથે આનંદોલ્લાસ પણ અનુભવું છું.'' એ ઉપરાંત 'બેફામ'ના 'મરીઝ' પ્રત્યેના આદર અને પ્રેમને પણ સૌજન્યપૂર્વક ઉજાગર કર્યા છે.

બીજા પ્રકરણમાં બરકત વિરાણી 'બેફામ'ની ગઝલોનો પરિચય મળે છે. એમાં કેટલાક સુંદર શેરોના ઉદાહરણ સાથે 'નાદાન'નું વિધાન પણ હૃદયને સ્પર્શે છે. 'બેફામ લોકપ્રિય તો છે જ પણ સાથે સાથે ઉત્તમ પણ છે અને તેથી જ એ જેટલા લોકભોગ્ય રહ્યા છે એટલા જ વિદ્વદ્ભોગ્ય પણ રહ્યા છે. બેફામની ગઝલો સાંભળી ગઝલોના સમજુ ઓછા પણ શોખીન વધારે એવા સામાન્ય લોકો દુબારા / દુબારાના પોકાર કરે છે, તેની જ સાથે મંચ પર ઉપસ્થિત ગઝલના અભ્યાસુઓ, મર્મજ્ઞો પણ એમને સાચા હૃદયની દાદ આપે છે.' આમ 'બેફામ' બંને પ્રકારના શ્રોતાઓને એકસરખો ન્યાય આપી શકે છે એ વાત જ એમની ગઝલોની શ્રેષ્ઠતાનો પુરાવો છે. આ પછીનાં બે પ્રકરણ એમના ગઝલના મિજાજ અને વિષયવૈવિધ્યની ચર્ચા કરે છે.

**કમળની પ્યાસ પણ મારા સમી લાગે છે ઓ ઝાકળ !**
**સરોવરમાં રહી મુખ ઊંચું રાખે છે સરોવરથી.**

(ભાનસર, પૃ. ૧૧)

**પરસ્પર જીવનના માર્ગ તો સહેલા બની જાશે,**
**છૂટા પડવું જ છે તો ચાલ, હૈયાને સખત કરીએ.**

ગઝલકારોની સામે ધર્મપંડિતો રોષ વ્યક્ત કરે છે કે તમે લોકો ખુદા સામે ફરિયાદ જ કરો છો શા માટે ? આ પ્રશ્નો અનેક વાર મને પુછાયા છે અને મારો ઉત્તર એક જ છે કે ફરિયાદ કોની સામે થાય ? જે આપણાં હોય એની પાસે. હું ખુદાને જો મારો ગણતો હોઉં તો ફરિયાદ એની પાસે ન કરું તો કોને કરું ? પાંચમું પ્રકરણ સર્જકની ખુદાપરસ્તી વિશે છે અને એ વિષયને લગતા સુંદર શેરો પણ મળે છે :

**મારી સઘળી અલ્પતાનું તું જ કારણ છે, ખુદા !**
**તું મહાન એવો થયો કે બંદગી ઓછી પડી.**

(ઘટા, પૃ. ૬૬)

અહીં બર્ટ્રાન્ડ રસેલનું વાક્ય પણ મળે છે કે 'ઈશ્વર હોય કે ન હોય તે બીજી વાત છે; પણ માનવને ઈશ્વર વગર ચાલવાનું નથી.'

**બંદાઓ બધી કોમના પૂજી તો શકે છે,**
**સારું છે – નથી હોતી કોઈ નાત ખુદાની.**

(પ્યાસ, પૃ. ૫૯)

છઠ્ઠા પ્રકરણમાં 'નાદાન', 'બેફામ'ની ગઝલોમાં થતા જીવનદર્શનની વાત કરે છે. અહીં એક અત્યંત ભાવુક શેર મળે છે,

**એ જ તો મોટી કરુણતા છે જીવન-નાટકની,**
**છે ફક્ત પાત્ર બધાં, કોઈ કલાકાર નથી.**

(ઘટા, પૃ. ૧૦૮)

બીજા એવા પણ શેર છે જે જીવનના દર્દને વાચા આપતા મળે છે,

**રહે છે ભૂતભાવિ – બે ય બાજુએ ગતિ એની,**
**મને તો જિંદગી કોઈ હિંડોળાખાટ લાગે છે.**

(પ્યાસ, પૃ. ૩૨)

**કદાચિત મોત આવે એ પછી થઈ જાય એ પૂરી,**
**હજી હમણાં સુધી તો જિંદગી મારી અધૂરી છે.**

(પ્યાસ, પૃ. ૩૬)

બરકત વિરાણી 'બેફામ'નાં પુસ્તકો 'માનસર', 'ઘટા' અને 'પ્યાસ'નો ઉત્સાહથી ઊંડો અભ્યાસ કરી એમની ગઝલોના શેરોને વિવિધ વિષયોમાં ગોઠવીને 'નાદાને' પ્રણયોર્મિ, અશ્રુ-રુદન-વ્યથા, પ્રતીક્ષા, ખુમારી / ખુદ્દારી, ઘર, સમય, નિર્લેપતા જેવાં પ્રકરણો રચ્યાં છે. આ તો 'નાદાન'ની સર્જક 'બેફામ'ની લાગણી અને ગઝલોની દીવાનગી છે જે એક પુસ્તક – ગઝલસર્જક 'બેફામ'ના રૂપમાં આપણીસામે આવી છે. ઉદાહરણ રૂપે વિવિધ પ્રકરણોમાં 'નાદાને' વીણી વીણીને શેર ટાંક્યા છે અને સાથે સાથે રસાસ્વાદ પણ કરાવ્યો છે અને ભાવકોનો રસભંગ ન થાય એ માટે પણ સર્જકે સભાનતાપૂર્વક પ્રયત્ન કર્યો છે.

પંદરમું અને સોળમું પ્રકરણ અનુક્રમે 'બેફામ'ના મત્લા અને મક્તાના શેરો પર આધારિત છે. એ તો સૌ જાણે છે કે 'બેફામ'ની ગઝલો મત્લાથી જ ભાવકોને જકડી શકી છે. કેટલાક ધ્યાનાકર્ષક અને ભાવકોને સ્પર્શતા શેરો ટાંકી 'નાદાને' આ પ્રકરણને સમૃદ્ધ બનાવવાનો શક્ય પ્રયાસ કર્યો છે. તેઓ લખે છે કે 'મત્લા ગઝલનું પ્રવેશદ્વાર છે અને પ્રવેશદ્વાર જેટલું સુંદર અને રમણીય હોય તેટલો જ પ્રવેશ આનંદદાયક હોય છે. ગઝલના ભાવવિશ્વમાં પ્રવેશનારો ભાવક મોટે ભાગે મત્લા વાંચીને જ ગઝલમાં ઊતરવાનું નક્કી કરતો હોય છે.' કેટલાક ચિત્તાકર્ષક શેરો માણીએ –

**ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,**

**કે સારા હોય છે એની દશા સારી નથી હોતી.**

(માનસર, પૃ. ૧૮)

**ઓ હૃદય ! તેં પણ ભલા કેવો ફસાવ્યો છે મને ?**
**જે નથી મારા થયા એનો બનાવ્યો છે મને !**

(ઘટા, પૃ. ૯)

**તબીબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઈને,**
**જગત સામે જ ઊભેલું હતું દર્દો નવાં લઈને.**

(પ્યાસ, પૃ. ૩૫)

જે રીતે ગઝલ મક્તા વિના અધૂરી લાગે છે એમ ગુજરાતી ગઝલની કોઈ પણ વાતકર 'બેફામ'ના મક્તાની વાત વિના અધૂરી લાગશે. 'બેફામ' મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવનારા વ્યક્તિ હતા અને એમણે મૃત્યુ જેવા કરુણ વિષયથી પોતાની ગઝલોના મક્તાઓ શણગાર્યા છે. એમના સમકાલીન ગઝલકાર અને મિત્ર સ્વ. શેખાદમ આબુવાળા તો એમને 'બેફામ' કબરવાળા કહીને સંબોધતા હતા. 'નાદાને' 'બેફામ'ના મક્તા પર એક પ્રકરણ લખ્યું છે પણ કોઈ ધારે તો આખું પુસ્તક આ વિષય પર લખી શકાય છે.

**આ બધાં 'બેફામ' જે આજે રડે છે મૌન પર,**
**એ બધાંએ જિંદગી આખી રડાવ્યો છે મને.**

(ઘટા, પૃ. ૧૦)

**રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એ જ કારણથી,**
**હતો મારો જ એ અવસર ને મારી હાજરી ન્હોતી.**

(ઘટા, પૃ. ૨૨)

**મર્યો તોપણ સફર જીવનની પૂરી ના થઈ 'બેફામ',**
**હું અટક્યો તો ઊંચકી લઈ ગયા લોકો જનાઝાથી**

(ઘટા, પૃ. ૧૨૬)

બરકત વિરાણી 'બેફામે' મુક્તકો અને નઝમો લખ્યાં છે પણ ખુદ એમની ગઝલોએ મુક્તકો અને નઝમોને પ્રકાશમાં આવતાં રોક્યાં છે. 'નાદાને' છેલ્લાં બે પ્રકરણ પુસ્તકો અને નઝમોને ફાળવ્યાં છે.

બરકત વિરાણી 'બેફામ' બહુ મોટા ગજાના શાયર છે. તેઓ ઉમદા માનવી પણ હતા. દેખાવમાં સુંદર અને સાદગીપસંદ સર્જકનો કંઠ પણ મધુરો હતો અને કદી કદી એ તરન્નુમમાં ગઝલો રજૂ કરતા હતા. એમની એક રેકોર્ડ 'શૂન્ય' પાલનપુરીની ગઝલો અને કંઠ સાથે બહાર પડી હતી. કોઈ અગમ્ય કારણોસર 'બેફામ' કે 'બેફામની ગઝલો' વિશે ઝાઝું લખાયું નથી. દિનેશ ડોંગરેએ એ મહેણું ટાળ્યું છે.

**વિશ્વાસ એવો મોતના રસ્તા ઉપર હતો,**
**'બેફામ' આંખ બંધ કરીને જતા રહ્યા.**

સમીક્ષા/ગ્રંથાવલોકન
ગુજરાતી સાહિત્ય પરિષદ